# ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી

ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા, આદિજાતિ વિકાસ વિભાગ

૩જે માળ, બિરસા મુંડા ભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

આદિજાતી વિકાસ વિભાગ,ગુજરાત સરકાર દ્વારા સ્વાયત સંસ્થા તરીકે કાર્યરત ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઇ.એસ.) દ્વારા નીચે મુજબની કરાર આધારિત જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | યોગ્યતા | અનુભવ | સામાન્ય | સા.શૈ.પ.વ. | અ.જ.જા. | અ.જા. | કુલ જગ્યાઓ | ફિક્સ માસિક વેતન (પ્રતિ માસ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સિ. પ્રોજેકટ મેનેજર | એમ.એસ.ડબલ્યુ./એમ.બી.એ./ પી.જી.ડી.ઇ.એમ./ પી.જી.ડી.આર.એમ. | ૩ વર્ષ કે તેથી વધુ | ૧ | - | - | - | ૧ | રૂ. ૩૪,૦૦૦-૩૭,૦૦૦-૪૦,૦૦૦/- |
| ૨ | સિ. પ્રોજેકટ મેનેજર (એકાઉન્ટસ) | સી.એ./ એમ.બી.એ.(ફિનાન્સ)/ એમ.કોમ. | ૩ વર્ષ કે તેથી વધુ (એકાઉન્ટસ અને ફિનાન્સ) | ૧ | - | - | - | ૧ | રૂ. ૩૪,૦૦૦-૩૭,૦૦૦-૪૦,૦૦૦/- |
| ૩ | આસિ. પ્રોજેકટ મેનેજર | એમ.એસ.ડબલ્યુ/ એમ.બી.એ./ પી.જી.ડી.ઇ.એમ./ પી.જી.ડી.આર.એમ. | ૧ વર્ષ કે તેથી વધુ | ૨ | - | - | - | ૨ | રૂ. ૧૫,૦૦૦-૧૭,૦૦૦-૨૦,૦૦૦/- |
| ૪ | સિવીલ એન્જીનીયર | બી.ઇ.(સિવીલ) | ૫ વર્ષ કે તેથી વધુ સિવીલની કામગીરી | ૨ | - | - | - | ૨ | રૂ. ૩૫,૦૦૦/- |

<u>શરતો -</u>

(૧) માન્ય યુનિવર્સીટી માંથી અનુસ્નાતક ઓછામાં ઓછા ૫૫% સાથે.

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારોએ વેબસાઇટ http://tribal.guj.nic.in ઉપર તા.૦૭/૦૮/૨૦૧૯ થી તા.૨૧/૦૮/૨૦૧૯ દરમ્યાન ઓનલાઇન (online) અરજી કરવાની રહેશે.

(૩) ઉકત દર્શાવેલ જગ્યા માટે, શોર્ટલીસ્ટ થયેલ ઉમેદવારોને આગળની ભરતી પ્રકિયા માટે જાણ કરવામા આવશે.

(૪) પસંદ થયેલ ઉમેદવારોને ગાંધીનગર અથવા ગુજરાત રાજ્યના આદિજાતિ જિલ્લાઓમાં નિમણૂંક આપવામાં આવશે.

(૫) ઉકત દર્શાવેલ (૧) થી (૩) નંબરની જગ્યા માટે, પુરુષ ઉમેદવારો માટે મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષ તથા મહિલા ઉમેદવારો માટે મહત્તમ વયમર્યાદા ૪૦ વર્ષની રહેશે.

(૬) અનામત કેટેગરીના ઉમેદવારો જનરલ કેટેગરી માટે ખાલી જગ્યાઓ સામે અરજી કરી શકે છે પરંતુ પસંદગી માટેનો માપદંડ જનરલ કેટેગરી મુજબ લાગુ થશે.

(૭) પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ જગ્યાઓ ફેરફારને આધીન છે.

(૮) ઉકત દર્શાવેલ જગ્યા તદન કરાર આધારિત છે.

(૯) આ જગ્યા કરાર આધારીત હોઇ ઉમેદવાર ભવિષ્યમાં કાયમી થવા અંગે કોઇ પણ હક્ક દાવો કરી શકશે નહિ.

(૧૦) ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પણ તબક્કે ઉમેદવારની ખોટી દખલગીરી ધ્યાને આવશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૧૧) ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ પણ બાબત ઉભી થશે તો ભરતી પ્રક્રિયા અંગે સક્ષમ અધિકારીનો નિર્ણય આખરી રહેશે.

(જે.આર.ડોડિયા - IAS)
કાર્યપાલક નિયામક
ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી
ગાંધીનગર